## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાલ મુબારક કરો... કાજુ કતરી ખાવ, ગુલાબજાંબુ ખાવ, જ્યુસ પીવો... માથે આઈસક્રીમ ખાવ પણ... આ ચૂંટણીમાં કોણ આવશે એ મહેરબાની કરી ન પૂછશો..!!



અક્ષરધામમાં અન્નકુટ : લાભપાંચમનાં પાવન પર્વે ભગવાન સ્વામીનારાયણના ચરણોમાં વિવિધ વાનગીઓનો અન્નકુટ ધરાવાયો હતો. ભારતીય સંસ્કૃતિમાં મંદિરોમાં નવા વર્ષે ભગવાનને અન્નકુટ ધરાવવાની પરંપરા યુગોથી છે. વિવિધ મિષ્ટાનો અને ફરસાણોની પ્રસાદી સ્વરૂપે ધરાવવામાં આવે છે. અન્નકુટના દર્શને ભાવિકો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

# ગાંધીનગરના સિનેમાઘરોમાં ‘ક્લાઉડ’ આધારિત અલ્ટ્રા ડિજીટલ સિનેમાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૫

પોતાના એક્સલૂઝિવ ક્લાઉડ આધારિત પ્લેટફોર્મ મારફતે ડિજિટલ સિનેમા અને અન્ય કન્ટેન્ટ ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ પ્રદાન કરતી એકમાત્ર કંપની અલ્ટ્રા ડિજિટલ સિનેમાએ આજે ચાલુ વર્ષની દિવાળીએ જેની આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી એ બે ફિલ્મો ગુજરાતમાં લોંચ કરી હતી. આ બંને ફિલ્મોને દર્શકોનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો તથા તેની સ્ક્રીન અને ઓડિયોની ગુણવત્તાની પ્રશંસા કરી હતી. આ ટેકનોલોજી આધારિત બે ફિલ્મો ‘ગોલમાલ રિટર્ન્સ’ અને ‘સિક્રેટ સુપરસ્ટાર’ને સૌપ્રથમ ગાંધીનગર તથા અમદાવાદ ખાતે પ્રસ્તુત કરાઈ છે.

અલ્ટ્રાની અત્યાધુનિક કન્ટેન્ટ ડિલિવરી સિસ્ટમ ભારતમાં જ વિકસાવવામાં આવી છે અને ૭.૧ લોસલેસ સાઉન્ડ સાથે ૪ કે થી ૨ કેથી ફૂલ એચડી રિઝોલ્યુશનની સંપૂર્ણ રેન્જ પ્રદાન કરે છે. આ ટેકનોલોજી આઈએસઓ ૨૭૦૦૧ ધારાધોરણ અને ક્લાઉડ આધારિત ડિલિવરી મારફતે ૩૬૦ ડિગ્રી ઝીરો પિલ્ફરેજ અને પાઈરસી સીક્યોરિટી છે.

અલ્ટ્રા સમગ્ર ભારત અને વિશ્વમાં થિયેટ્રિકલ કન્ટેન્ટ વિતરણ સેવાઓ પ્રદાન કરશે. ભારતમાં પ્રથમ તબક્કામાં તેઓ સીપી, સીઆઈ, રાજસ્થાન અને ગુજરાતને લક્ષ્યાંક બનાવશે, કારણ કે આ હિંદીભાષી પટ્ટા છે, જેમાં કન્ટેન્ટનો વપરાશ વધારે છે અને વળી તે મુંબઈની નજીકનાં વિસ્તારો પણ છે. આ શહેરોમાં સફળતાપૂર્વક ઈન્સ્ટોલેશન થયા પછી અલ્ટ્રા બીજા તબક્કામાં દેશનાં દક્ષિણ ભારતનાં રાજ્યોને લક્ષ્યાંક બનાવશે અને પછીનાં તબક્કાના ભારતનાં બાકીના રાજ્યોને આવરી લેશે. કંપની કેલેન્ડર વર્ષ ૨૦૧૮ના અંત સુધીમાં આશરે ૫૦૦ સ્ક્રીનને લક્ષ્યાંક બનાવશે.



પંડિત દિનદયાલ અંત્યોદય યોજના અને રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના અંતર્ગત ગાંધીનગરમાં પણ મહિલા રીક્ષાચાલકો માટેના ‘પિંક ઓટો’ પ્રોજેક્ટને અમલમાં મુકવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટમાં અતુલ ઓટો લિ. દ્વારા મહિલાઓને રીક્ષા ચલાવવાની તાલીમ, લાઈસન્સ, ગાડી પાસીંગ વગેરે અંગે મદદ પુરી પાડવામાં આવી હતી. આ પ્રોજેક્ટમાં શહેરની યુનિયન બેંક દ્વારા સાત ટકા સબસીડી સાથેની લોન આપવામાં આવશે જેનો લાભ બીપીએલ તથા મા કાર્ડધારક મહિલાઓ લઈ શકશે. મહિલા સશક્તિકરણ અંતર્ગત આ પ્રોજેક્ટમાં હાલ ૬ મહિલા લાભાર્થીઓને લાભ અપાયો છે. આ પ્રસંગે શહેરના મેયર પ્રવિણભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર ડી.એન. મોદી, માજી મેયર મહેન્દ્રસિંહ રાણા, યુનિયન બેંકના ચીફ મેનેજર આનંદ બબ્બર ઉપરાંત કોર્પોરેટર્સ બરખાબેન જહા, પ્રવિણાબેન વોરા, ધીરૂભાઈ ડોડિયા અને નીતિનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# ઓલ ઈન્ડીયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટીના પ્રદેશ પ્રમુખ તરીકે સમીર ત્રિવેદીની વરણી

ગાંધીનગર, તા.૨૫

જન વિકલ્પ પાર્ટીને ઓલ ઈન્ડીયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટી દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. ગુજરાતના રાજકારણમાં જન વિકલ્પ પાર્ટી એક ત્રીજા વિકલ્પ તરીકે ઉપસી રહી છે. ત્યારે જન વિકલ્પ પાર્ટી દ્વારા વિધાનસભાની ૧૮૨ બેઠક પરથી ચુંટણી લડવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે ઓલ ઈન્ડીયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટીએ શંકરસિંહ વાઘેલા બાપુના માર્ગદર્શન હેઠળ પ્રદેશ પ્રમુખ અને સેક્રેટરીની નિમણુંક કરાઈ છે. ઓલ ઈન્ડીયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટીના પ્રદેશ પ્રમુખ તરીકે શહેરના અગ્રણી સમીરભાઈ ત્રિવેદી અને સેક્રેટરી તરીકે મુકેશભાઈ વૈધની નિમણુંક કરવામાં આવી છે.



આજે ગુજરાત ગરીબી, બેકારી અને ભ્રષ્ટ્રાચાર છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળેલી છે. ખેડુતો દેવાના ડુંગર તળે દબાયેલા છે. વેપારીવર્ગ જીએસટીથી પરેશાન થઈ ગયો છે. મધ્યમ વર્ગ કારમી મોંઘવારીમાં સામે માંડ બે છેડા ભેગા કરી શકે છે. મહિલાઓને તેમના હકનું મળતુ નથી.આદિવાસી સમાજની ઉપેક્ષા તેમજ અન્ય સમાજ પણ ઘવાયેલો છે. શિક્ષણ રોજબરોજ મોંઘુ બનતું જાય છે અને બેરોજગાર યુવાનો કંટાળી ગયા છે. ત્યારે રાજયમાં દરેક વર્ગ અને સંગઠનો પોતાના હક્કની લડાઈ લડી રહ્યા છે છતા ન્યાય મળતો નથી. ત્યારે જન વિકલ્પનું મકસદ બહુ સ્પષ્ટ છે. પ્રશ્ન આપણા, વિકલ્પ આપણો, ઉકેલ આપણો, માટે સરકાર પણ આપણી, એટલે જન વિકલ્પ પાર્ટી.. આજે જનવિકલ્પ પાર્ટીને ઓલ ઈન્ડીયા હિદુન્સ્તાન કોંગ્રેસ પાર્ટીએ સમર્થન આપ્યું છે. જેથી હવે જન વિકલ્પ પાર્ટીના ઉમેદવારો ટ્રેકટરના નિશાન સાથે ચુંટણીમાં ઝંપલાવશે. રાજયભરમાં ૧૮૨ બેઠકો જન વિકલ્પ પાર્ટી પોતાના ઉમેદવાર ઉભા રાખશે. ત્યારે શંકરસિંહ વાઘેલા બાપુના માર્ગદર્શન હેઠળ ઓલ ઈન્ડીયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટીના પ્રદેશ પ્રમુખ તરીકે ગાંધીનગરના સમીર ત્રિવેદી તેમજ પાર્ટીના સેક્રેટરી તરીકે મુકેશ વૈધની નિમણુંક કરાઈ છે. શહેરના સમીર ત્રિવેદી ઘણા સમયથી જાહેર જીવનમાં છે.તેઓની આગવી કાર્યશૈલી અને સરળ સ્વભાવના હોવાથી નગરજનોમાં આગવી ઓળખ ધરાવે છે. ત્યારે આગામી વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી ઓલ ઈન્ડીયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટી દ્વારા પ્રદેશ પ્રમુખની જવાબદારી સોંપવામાં આવતા સમીરભાઈ અને મુકેશભાઈના પરીચીત વર્તુળમાં આનંદની લ્હેર પ્રસરી ગઈ છે.

# ઘોઘા-દહેજ રો-રો ફેરી સર્વિસની પેસેન્જર ફેરી લાભ પાંચમથી નિયમીત શરૂ થઈ

ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા ઘોઘા-દહેજ વચ્ચે શરૂ કરવામાં આવેલી રો-રો ફેરી સર્વિસ અંતર્ગત પેસેન્જર સર્વિસ નિયમીત રૂપે લાભ પંચમીથી શરૂ થઈ ગઈ છે. ગુજરાત મેરીટાઈમ બોર્ડના જણાવ્યા અનુસાર આ માટેનું ઓનલાઈન બુકીંગ તેમજ ટર્મીનલ કાઉન્ટર ઉપર પ્રત્યક્ષ ટિકીટ વેચાણ પણ શરૂ કરાયું છે. આ ફેરી સર્વિસ દહેજથી સવારે ૯ કલાકે અને બપોરે ૩ કલાકે ઉપડીને ૧૦ વાગ્યે તથા ૪ વાગ્યે ઘોઘા પહોચશે. પરત મૂસાફરીમાં ઘોઘાથી દરરોજ સવારે ૧૧ વાગ્યે અને સાંજે પાંચ વાગ્યે ઉપડી બપોરે ૧૨ અને સાંજે ૬ વાગ્યે દહેજ આવશે.

# ઘ-૪ સર્કલ પર બાળકો માટે ઘોડેસવારીનું આકર્ષણ ઉમેરાયું

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના બાળકોને હવે ઘોડે સવારી માટે છેક લો ગાર્ડન સુધી લાબા નહીં થવુ પડે, શહેરના બાળકો માટે ઘોડે સવારી શહેરમાં ઉપલબ્ધ છે. શહેરમાં સાંજ ઢળતા જ શહેરના હાર્દ સમા વિસ્તાર ઘ-૪ સર્કલ પાસે ઘોડે સવાર ઉભા હોય છે. માત્ર સામાન્ય દરે બાળકોને સર્કલ ફેરવી ઘોડે સવારીનો આનંદ અપાવે છે. ત્યારે શહેરમાં સાંજ ઢળતા જ માતા-પિતા મોટીસંખ્યામાં ઘોડે સવારીનો આનંદ અપાવવા પોતાના બાળકોને લઈને આવી પહોંચે છે. ત્યારે શહેરમાં એક નવુ નજરાણું ઉમેરાતા નાગરીકો પણ હર્ષની લાગણી અનુભવે છે.



શહેરના બાળકોને જ્યારે ઘોડા પર બેસવાનું મન થાય ત્યારે માતા-પિતા બાળકને લઈ રાત્રીના સમયે લો ગાર્ડન જતા હતા. લો ગાર્ડન ખાતે મોટીસંખ્યામાં ઘોડેસવારો ઉભા હોય છે જે બાળકને બેસાડી રાઉન્ડ લગાવે છે. બાળક ઘોડા પર બેસતા આનંદિત થઈ જાય છે. ઘોડેસવારોને પણ રોજગારી મળી રહે છે. પરંતુ ગાંધીનગરાઓને ઘોડેસવારીનો આનંદ બહુ મોંઘો પડતો હતો. ત્યારે ગાંધીનગર શહેરના ઘ-૪ સર્કલ ખાતે સાંજ ઢળતા જ ઉનાળામાં માનવ મહેરામણ ઉમટી પડે છે. ખાણીપીણી બજાર પણ ધમધમે છે. મોડીરાત સુધી નાગરીકો બગીચામાં વિવિધ રમતો રમે છે. ત્યારે ઘોડેસવારીને લઈ શહેર ઘ-૪ સર્કલ ખાતે એક આગવુ આકર્ષણ ઉભુ થયુ છે. શહેરના માર્ગો પર પણ ઘોડાના ડાબલાનો અવાજ સાંભળવા નગરજનોને મળશે. જયારે શહેરના બાળકોને ઘોડેસવારી માટે અમદાવાદ સુધી લાબા થવુ નહીં પડે અને સામાન્ય રૂપીયામાં જ ઘર આંગણે ઘોડેસવારીનો આનંદ મળી રહેશે.આ નવુ નજરાણું ઉમેરાતા નાગરીકોમાં પણ આનંદ છવાયો છે.

# વડીલોને બોજરૂપ ગણતી ભાજપે વીમાના પ્રિમિયમ ઉપર ટેક્ષ ઝીંકી વડીલોનું જીવન દુષ્કર બનાવ્યું : ડૉ. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૨૫

ભાજપ સરકારે છેલ્લાં ત્રણ વર્ષથી એલઆઈસી તેમજ અન્ય ૩૨ ખાનગી કંપનીઓમાં પોલીસીના પ્રિમિયમ ઉપર અન્ય ટેક્ષ ઉપરાંત ૧૮ ટકા જીએસટી નાંખી વડીલોનું નિવૃત્ત જીવન દુષ્કર બનાવી દીધું હોવાનું જણાવતાં કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે વડીલ વંદના કરવાના બદલે વડીલોને બોજ સમજી રહેલી ભાજપ સરકારના બોજને જ દૂર કરવા અપીલ કરી છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યાં ત્યારથી રાજકારણ સહિત દરેક ક્ષેત્રમાં વડીલોને બોજ સમજી જાણે નેસ્તનાબૂદ કરી રહ્યાં છે. જેમ કે, એલઆઈસી તા. ૧-૯-૫૬થી અસ્તિત્વમાં આવી ત્યારથી પોલીસી કે પ્રિમિયમ ઉપર કોઈ ટેક્ષ લેવામાં આવતો નહોતો. પરંતુ ૨૦૧૪માં નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા પછી એલઆઈસી અને અન્ય ૩૨ ખાનગી કંપનીઓ ઉપર ટેક્ષ ઝીંકવામાં આવ્યો છે. જેમાં સામાજિક ઉત્કર્ષ, લોકભાગીદારી અને દાનનાં નામે આવી કંપનીઓ પાસેથી કરોડો રૂપિયા ખંખેરતી ભાજપ સરકારે એલઆઈસી પોલીસીનાં પ્રિમિયમ ઉપર ૩.૭૫ ટકા ડ્યુટી નાંખી છે. જે જીએસટી પછી ૪.૫ ટકા થઈ છે. જ્યારે અનેક પોલીસીઓના પ્રિમિયમ ઉપર ૧૮ ટકા જીએસટી લગાવ્યો છે. જેનાં પરિણામે પવર્ષે-દહાડે ૫૦૦ કરોડનું પ્રિમિયમ ભરતાં લાખો વડીલો અને અન્ય સામાન્ય પ્રજાજનો ઉપર કરોડો રૂપિયાનો ટેક્ષનો વધારાનો બોજ પડ્યો છે.

રાજ્યનાં વડીલો નિવૃત્તિ પછી તેમજ પોતાનાં અને પરિવારનાં ભવિષ્ય માટે પેન્શન સહિત અન્ય આવક ઉભી કરવા આ પ્રકારનું રોકાણ કરતાં હોય છે. પોતાની આવકમાંથી આવી બચત કરી તેને આજીવિકાનું સાધન બનાવવા સાથે નાનાં-મોટાં અવસરો પાર પાડતાં હોય છે. આ ઉપરાંત ઘણાં વડીલોને ખાનગી કંપનીઓમાં નિવૃત્તિ પછી પેન્શન મળતું નથી ત્યારે આવી બચત ઉપર ભાજપ સરકારે ટેક્ષ ઠોકી બેસાડતાં પરસેવાની કમાણીનાં હજારો રૂપિયા ટેક્ષનાં નામે ખવાઈ જાય છે. જેનાં કારણે ભાજપ સરકારે વડીલોને બોજરૂપ સમજી તેમનું નિવૃત્ત જીવન સરળ અને ખુશીભર્યું બનાવવાનાં બદલે દુષ્કર કરી દીધું છે. આ સંજોગોમાં દરેકવડીલો અને તેમનાં પરિવારજનોને આ નીતિરીતિને યાદ રાખી ભાજપ સરકારને જ બોજરૂપ ગણી દૂર કરવા અપીલ કરી છે.

## વર્ષ-૨૦૧૮ની જાહેર રજાઓ

| જાહેર રજા | તારીખ | વાર |
|---|---|---|
| પ્રજાસત્તાક દિન | ૨૬મી જાન્યુઆરી | શુક્રવાર |
| મહાશિવરાત્રી | ૧૩મી ફેબ્રુઆરી | મંગળવાર |
| હોળી બીજો દિવસ(ધુળેટી) | ૨જી માર્ચ | શુક્રવાર |
| મહાવીર જયંતિ | ૨૯મી માર્ચ | ગુરૂવાર |
| ગુડ ફ્રાઈડે | ૩૦મી માર્ચ | શુક્રવાર |
| ડૉ. બાબાસાહેબનો જન્મદિન | ૧૪મી એપ્રીલ | શનિવાર |
| ભગવાનશ્રી પરશુરામ જયંતિ | ૧૮મી એપ્રીલ | બુધવાર |
| રમજાન ઈદ(ઈદ-ઉલ-ફિત્ર) | ૧૬મી જુન | શનિવાર |
| સ્વાતંત્ર્ય દિન | ૧૫મી ઓગષ્ટ | બુધવાર |
| પારસી નૂતન વર્ષ દિન(પતેતી) | ૧૭મી ઓગષ્ટ | શુક્રવાર |
| બકરી ઈદ | ૨૨મી ઓગષ્ટ | બુધવાર |
| જન્માષ્ટમી | ૩જી સપ્ટેમ્બર | સોમવાર |
| સંવત્સરી | ૧૩મી સપ્ટેમ્બર | ગુરૂવાર |
| મહોરમ | ૨૧મી સપ્ટેમ્બર | શુક્રવાર |
| મહાત્મા ગાંધીનો જન્મદિવસ | ૨જી ઓક્ટોબર | મંગળવાર |
| દશેરા(વિજયા દશમી) | ૧૮મી ઓક્ટોબર | ગુરૂવાર |
| સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિવસ | ૩૧મી ઓક્ટોબર | બુધવાર |
| દિવાળી (દિપાવલી) | ૭મી નવેમ્બર | બુધવાર |
| નૂતન વર્ષ દિન, બેસતુ વર્ષ | ૮મી નવેમ્બર | ગુરૂવાર |
| ભાઈબીજ | ૯મી નવેમ્બર | શુક્રવાર |
| ઈદ-એ-મિલાદુન્નબી (મહમદ પયગંબર સાહેબનો જન્મ દિવસ) ૨૧મી નવેમ્બર | | બુધવાર |
| ગુરૂનાનક જયંતિ | ૨૩મી નવેમ્બર | શુક્રવાર |
| નાતાલ | ૨૫મી ડિસેમ્બર | મંગળવાર |

**રજા રવિવારે આવતી હોવાથી જાહેર રજાના દિવસ તરીકે જાહેર કરેલ નથી**

| | | |
|---|---|---|
| મકરસંક્રાંતિ | ૧૪મી જાન્યુઆરી | રવિવાર |
| ચેટીચાંદ | ૧૮મી માર્ચ | રવિવાર |
| શ્રી રામનવમી | ૨૫મી માર્ચ | રવિવાર |
| રક્ષાબંધન | ૨૬મી ઓગષ્ટ | રવિવાર |

# સાદરામાં ભાગવત કથા વિષ્ણુ યાગ જ્ઞાનયજ્ઞ મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

સાદરા ગામે મા જક્ષણી અન્નપૂર્ણા કેન્દ્ર તથા શ્રી રામજી મંદિર સેવાશ્રમ સાદરાના સંયુક્ત જીર્ણોદ્ધાર શ્રી માઈ બાલમંડળ સાદરા ચેરીટી ટ્રસ્ટ દ્વારા શ્રીમદ્ ભાગવત કથા જ્ઞાનયજ્ઞ મહોત્સવ તથા આચાર્ય ગોસ્વામીશ્રી દેવકી નંદનલાલજી શ્રી નંદુલાલજી સત્સંગ ભવન અને શ્રીમતી ગીતાબેન પ્રવીણભાઈ શાહ (લંડનવાળા) અતિથિ ભવનનું ઉદ્‌ઘાટન અને વિષ્ણુયાગનું આયોજન કરવામાં આવેલ છે.

ઉદ્‌ઘાટન સમારોહ તા. ૨૭મી ઓક્ટોબર સવારે નવ વાગે યોજાશે. વિષ્ણુયાગ તા. ૪થી નવેમ્બર દેવદિવાળીએ યોજાશે. આ તમામ કાર્યક્રમ જક્ષણીમાતાજી મંદિર પાસે યોજાશે. શ્રી જક્ષણી અન્નપૂર્ણાકેન્દ્ર, શ્રી રામજી મંદિર ટ્રસ્ટ, સાદરાના ગ્રામજનોના સંયુક્ત આયોજક છે. તા. ૨૭મી ઓકટોબરે ધર્મધજા આરોહણ, પોથીજી અને પૂજ્ય મુકેશભાઈ ભટ્ટનું સામૈયુ તથા માતાજીની શોભાયાત્રાથી પ્રારંભ થશે.

આ પ્રસંગે તા. ૨૮મી ઓક્ટોબર કથામાં શ્રી નૃસિંહ, વામન, રામ, શ્રીકૃષ્ણ, શ્રી તુલસીવિવાહ, શ્રી ગોવર્ધન મહોત્સવ, શ્રી રૂક્ષ્મણીવિવાહ યોજાશે. પૂર્ણાહુતિ તા. ૪થી નવેમ્બર સાંજે યોજાશે. આ પ્રસંગે સાદરાના સમસ્ત ગ્રામજનોને સમુહમાં પ્રસાદ લેવાનુ આયોજન ગોઠવેલ છે.

આ ધાર્મિક કાર્યક્રમમાં દાતાઓ તરફથી મોટા પ્રમાણમાં દાનનો પ્રવાહ મળી રહેલ છે. વ્યાસપીઠ પર પૂ. શ્રી મુકેશભાઈ ભટ્ટ બિરાજશે. કથાના મુખ્ય મનોરથી બચુભાઈ બાપુલાલ શાહ, શ્રી નાનાલાલ સોમાલાલ શાહ છે.

વિશેષમાં અન્નદાતાર ટેકરી રામજી મંદિર સેવાશ્રમ સાદરા દ્વારા શ્રી રામજી મંદિર નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવેલ છે.

# ગુજરાતના ખેડૂતોની આવક બમણી કરવાની પથદર્શિકાનું વિમોચન

ગાંધીનગર, તા. ૨૫

ખેડૂતોની આવક વર્ષ-૨૦૨૨ સુધીમાં બમણી કરવાના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરવા માટે રાજ્ય સરકાર અને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા તૈયાર કરેલ ‘ગુજરાતના ખેડૂતોની આવક બમણી કરવાની પથદર્શિકા-પુસ્તક’નું આજે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વિમોચન કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પથદર્શિકાના લેખકો; કૃષિ વિભાગના અગ્રસચિવ સંજય પ્રસાદ અને આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એન.સી.પટેલને અભિનંદન પાઠવીને આ પુસ્તિકામાં સમાવેલ સંશોધન અને ઉપયોગી માહિતી માટે રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના વૈજ્ઞાનિકોને બિરદાવ્યા હતા. તેઓએ ખેડૂતોને આ પથદર્શિકામાં સમાવેલ સૂચનો પોતાની ખેતીમાં અપનાવવા માટે આગ્રહ કરીને વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૨૨ સુધીમાં ગુજરાતના ખેડૂતોની આવક બમણી કરવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે, તેમણે આ માટે નિર્ધાર વ્યક્ત કરી ખેડૂત ભાઈ-બહેનોને શુભેચ્છાઓ પાઠવી હતી.

## જલારામ મહિલા મંડળ દ્વારા દિવાળી નિમિતે મીઠાઈ વિતરણ

શ્રી જલારામ મહિલા મંડળ ગાંધીનગરના દ્વારા દિવાળી નિમિતે ચરેડી છાપરા, સે-૨૯ શ્રમિક વિસ્તાર અને પંચદેવ મંદિરની આસપાસના છાપરાઓમાં રહેતા ગરીબ પરિવારોને બુંદી તેમજ ગાંઠીયાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જલારામ મહિલા મંડળના સભ્યો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## ચૂંટણી માટે તંત્ર.... (આઠમા પાનાનું અનુ.)

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લાના પાંચેય વિધાનસભા મતવિસ્તાર માટે ૧૫ જેટલી ફ્લાઈંગ સ્કવોડ, સ્ટેટેસ્ટીક સર્વેલન્સ ટીમો બનાવવામાં આવી છે. જિલ્લા કલેક્ટર સતીષ પટેલે જણાવ્યુ હતુ કે ચૂંટણીને લગતા ૧૪ પ્રકારના જુદા જુદા જાહેરનામા આજે જ જારી કરી દેવામાં આવ્યા છે. જેમાં હથિયાર જમા કરાવવા સહિતની બાબતોના જાહેરનામાઓનો સમાવેશ થાય છે. જિલ્લામાં તંત્ર દ્વારા આદર્શ આચારસંહિતાનું અસરકારક રીતે અમલીકરણ થાય તે માટે અધિકારીઓ અને કર્મચારીઓને તાલિમબદ્ધ કરી દેવામાં આવ્યા છે અને તે બધાએ જ આજથી તેમની કામગીરીનો આરંભ કરી દીધો છે. જિલ્લા કલેક્ટરે જણાવ્યુ હતુ કે સરકારી ગાડીઓનો રાજકીય આગેવાનો ઉપયોગ કરી શકશે નહિ. કેન્દ્ર કે રાજ્યના મંત્રીઓ અને બિનસરકારી પદાધિકારીઓ વગેરેને રાજ્યના અતિથિ ગણી શકાશે નહિ. તેમની પાસેથી સામાન્યદરો જ પુરેપુરા વસુલવામાં આવશે.

## હા, સાહેબ... (આઠમા પાનાનું અનુ.)

હોય તોય તમારો કયો ગરાસ લુંટાઈ ગયો..?! રાજકારણમાં તો આ બધું ચાલ્યા જ કરવાનું..!! પણ તમે કેટલી હદે ગયા... કોઈ હોટલની રૂમના અંદરના સીસીટીવી કુટેજ સત્તાના જોરે મેળવીને જગજાહેર કરવાથી તમને શું ફાયદો થશે..?!, કે આટલો હોબાળો માંડ્યો છે..?!''

“ઠીક છે..! આ પણ રાજકારણનો એક ભાગ છે..!''

“...એટલે અંક પહેલો... દશ્ય પહેલું ખરૂને..?!''

“હા...હા...હા... હવે તો દોઢ મહિનો આવા જ નાટકો ચાલ્યા કરશે...પણ પ્રજાએ પાત્રોને ઓળખવાના છે... કોણ કેટલું સાચું બોલે છે..?! અને કોણ કેટલું ખોટું બોલે છે..?! દરેક મતદાર પોતાના મગજના સીસીટીવી કુટેજ મેળવીને મતદાન કરશે..! તો જ સાચું પરિણામ મેળવી શકાશે..!!''

-નિમિત્ત માત્ર